ક્રમાંક:-મઉમશબ/માધ્યમિક/773
ગુ.મા અને ઉ.મા શિક્ષણ બોર્ડ,
માધ્યમિક વિભાગ, સેક્ટર-૧૦-બી,
સચિવાલય પાસે,ગાંધીનગર.
તા. 06/01/2020

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળા તમામ
ગુજરાત

**<u>વિષય:-</u> નિયમિત ઉમેવારોની હાજરી બાબત.**

મહાશય,

જયભારત સહ ઉપરોક્ત વિષયના અનુસંધાને જણાવવાનું કે, માર્ચ-2020ની જાહેર પરીક્ષાનું આયોજન ગોઠવવામાં આવી રહેલ છે. તા.05/03/2020 થી શરૂ થતી આ વર્ષની પરીક્ષા માટે ઉમેદવારોને હોલટીકીટ (પ્રવેશિકા) ફેબ્રુઆરી માસના છેલ્લા સપ્તાહમાં ONLINE આપી શકાય તે રીતની વ્યવસ્થા ગોઠવવામાં આવી રહેલ છે.

આ તબક્કે સઘળા આચાર્યશ્રીઓનું ધ્યાન પરીક્ષા વિનિયમ 2005 ના વિનિયમ 24(ક)(3) ની જોગવાઈ તરફ દોરી જણાવવામાં આવે છે કે પ્રથમ સત્રના પ્રથમ દિવસથી ફેબ્રુઆરી માસની 15 તારીખ સુધીના શૈક્ષણિક કામકાજના કુલ દિવસોના 80% કરતા ઓછા દિવસોની હાજરી ધરાવનાર રેગ્યુલર ઉમેદવાર પરીક્ષામાં બેસવાને પાત્ર ગણી શકાતો નથી. આવા ઉમેદવારોની હોલટીકીટ પ્રિન્ટ કરી તેના પર <u>લાલ અક્ષરે N.C. (NO CANDIDATE)</u> લખી બોર્ડમાં જમા કરાવવાની પ્રથા અમલમાં છે. તેનું ચુસ્તપણે પાલન કરવા જણાવવામાં આવે છે.

ખાસ કિસ્સામાં ઉમેદવારોની લાંબી બિમારી, માતા કે પિતાનું મૃત્યુ, આંતર શાળાની કક્ષા કરતા નીચું ન હોય તેવી રમત ગમત સ્પર્ધા વિગેરે કારણોસર હાજરી તૂટ ક્ષમ્ય ગણવાની દરખાસ્ત બોર્ડને તા. 15/02/2020 સુધી આચાર્યશ્રીની ભલામણ અને તમામ જરૂરી પુરાવાઓ સાથે મોકલી આપવામાં આવે તો બોર્ડ દ્વારા આવા ઉમેદવારોની હાજરી તૂટ ક્ષમ્ય ગણવાના આદેશો કરી શકાય છે. આવા આદેશો થયા બાદ જ ઉમેદવાર ધોરણ-10 ની પરીક્ષામાં બેસી શકે છે. જેની તમામ સંબંધિતોને જાણ થવા વિનંતી.

<u>બિડાણ:</u>
પરીક્ષા વિનિયમ 24(ક)(3) અંતર્ગત હાજરી તૂટ ક્ષમ્ય ગણવા દરખાસ્ત સાથે બિડવાનં પરિશિષ્ટ.

ક્રમાંક :માવિ.૬/એસ.એસ.સી પરીક્ષા ફોર્મ/૨૦૨૦/ 644

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી
બનાસકાંઠા,પાલનપુર
તા.૦૭/૦૧/૨૦૨૦ 13

**<u>નકલ રવાના જાણ તથા અમલ સારૂ</u>**

જિલ્લા શિક્ષણાધિકારી
બનાસકાંઠા,પાલનપુર

પ્રતિ,
આચાર્યશ્રી,
માધ્યમિક શાળાઓ તમામ,
બનાસકાંઠા જિલ્લો

Scanned by CamScanner

પરિશિષ્ટ-2

# ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ, પરીક્ષા વિભાગ, ગાંધીનગર

## ખૂટતી હાજરી ક્ષમાપાત્ર ગણંવા બાબતનું અરજી પત્રક

(જુઓ સુધારેલ વિનિયમ 2005નો વિનિયમ-24)

માધ્યમિક શાળાંત પ્રમાણપંત્ર પરીક્ષા માર્ચ 2020

મા. શાળાનો ઇન્ડેક્ષ નંબર

| | | | | |
|---|---|---|---|---|
| | | | | |

(માર્ચની પરીક્ષા માટે ડિસેમ્બર મહિનામાં દરખાસ્ત કરવાની રહેશે.)

1. ઉમેદવારનું નામ:
2. ઉપલા ધોરણમાં એટલે કે ધોરણ 10માં
   કઇ તારીખે ચઢાવવામાં આવ્યા હતા ?
3. ધોરણ 10માં કામકાજના દિવસથી અને જરૂરી હાજરી પૂરી કરવા માટે ખૂટતી હાજરી ક્ષમાપાત્ર ગણવા માટે અરજી કરવાના દિવસો સુધી ભરાયેલા હાજરીના દિવસો.

| માર્ચની પરીક્ષા માટે | કામના દિવસો | વિદ્યાર્થીએ ખરેખર ભરેલા હાજરી દિવસો |
|---|---|---|
| જૂન | | |
| જુલાઇ | | |
| ઓગસ્ટ | | |
| સપ્ટેમ્બર | | |
| ઓકટોમ્બર | | |
| નવેમ્બર | | |
| કુલ. | | |

4. 15મી ફેબ્રુઆરી સુધી (માર્ચની પરીક્ષા માટે) વધારાના કેટલા દિવસ હાજરી ઉમેદવાર ભરી શકે તેમ છે.

| માર્ચની પંરીક્ષા માટે | કામના દિવસો | વિદ્યાર્થી હાજરી આપે તો કેટલા દિવસની હાજરી થાય |
|---|---|---|
| ડિસેમ્બર | | |
| જાન્યુઆરી | | |
| ફેબ્રુઆરી તા.15 સુધી | | |
| કુલ. | | |

Scanned by CamScanner

5. 15મી ફેબ્રુઆરી સુધી (માર્ચની પરીક્ષા માટે) કેટલા દિવસનો ખૂટકો પડે તેમ છે ?

6. હાજરીમાં ખૂટકો પડવા માટેનું કારણ. ખૂટકો માંદગીને કારણે પડતો હશે તો વૈધકીય દાખલો (રજિસ્ટર્ડ મેડિકલ પ્રેક્ટિશનરનો) જરૂરી છે.

7. શાળામાં વિદ્યાર્થીની ચાલચાલગત અને પ્રગતિ

8. ખૂટતી હાજરી ક્ષમાપાત્ર ગણવા બાબતે શાળાના આચાર્યની સ્પષ્ટ ભલામણ અંગેનો શેરો.

9. ખૂટકો દિન 30 કરતાં વધુ હોવાથી વર્ષ દરમ્યાન શાળાએ લીધેલ સંબંધિત પરીક્ષાર્થીનું વિષયવાર પરિણામ આ સાથે સામેલ છે.

10. ખોડ-ખાંપણવાળા (Disabled) ઉમેદવારો એટલે કે અપંગ-અશક્ત (OH), મંદબુદ્ધિ (MR), બહેરા અથવા મૂંગા (HI) અથવા આંધળા, દૃષ્ટિને ખામી (VI) જેવી વિકૃતી ધરાવતાં ઉમેદવારોની બાબતમાં શાળાના આચાર્યએ ઉમેદવારી જે કાંઇ વિકૃતિ ધરાવતા હોય તે જણાવીને સત્તાધિકારીનો પ્રમાણિત દાખલો નિયત પત્રક સાથે મોકલવો જરૂરી છે.

શાળાના આચાર્યની સહી અને
શાળાનો સિક્કો

સ્થળ :

તારીખ :

બિડાણ :

Scanned by CamScanner